જય શાહ ICC ચેરમેન પદે બીજી વખત બિનહરીફ

ક્રિકેટના વૈશ્વિક વિસ્તાર અને ઓલિમ્પિક્સમાં ક્રિકેટની વાપસી વચ્ચે આઇસીસી બોર્ડનો મહત્વનો નિર્ણય

2028 લોસ એન્જલસ ઓલિમ્પિક્સ પહેલા રમતમાં સાતત્ય જાળવી રાખવા બોર્ડે બે વર્ષની મુદત લંબાવી



બાલી, તા. 16 (પીટીઆઇ) : ઇન્ટરનેશનલ ક્રિકેટ કાઉન્સિલ (આઇસીસી)એ સોમવારે જાહેરાત કરી હતી કે ચેરમેન પદે જય શાહની બીજી વાર બે વર્ષની મુદત માટે બિનહરીફ પુનઃનિયુક્તિ કરવામાં આવી છે. રવિવારે અહીં પૂર્ણ થયેલી આઇસીસી બોર્ડની બેઠકમાં આ નિર્ણય લેવાયો હતો.

38 વર્ષીય શાહ આ પદ સંભાળનાર સૌથી યુવા વ્યક્તિ છે. અગાઉ બીસીસીઆઇના સચિવ રહી ચૂકેલા શાહે ડિસેમ્બર 2024માં ન્યૂઝીલેન્ડના ગ્રેગ બાર્કલેના સ્થાને પ્રથમ વખત આ પદ સંભાળ્યું હતું. આ ઉપરાંત તેઓ 2021થી 2024 સુધી એશિયન ક્રિકેટ કાઉન્સિલ (એસીસી)ના પ્રમુખ પણ રહ્યા હતા. આઇસીસીએ જણાવ્યું હતું કે ક્રિકેટના વૈશ્વિક વિસ્તાર, ચાહકોની સંખ્યામાં વધારો અને વ્યાવસાયિક વિકાસની વ્યૂહરચના વચ્ચે રમતના નિર્ણાયક તબક્કે સાતત્ય જાળવવા બોર્ડે તેમના નેતૃત્વમાં વિશ્વાસ મૂક્યો છે. 2028 લોસ એન્જલસ ઓલિમ્પિક ગેમ્સમાં ક્રિકેટના પુનરાગમનની તૈયારીઓ ચાલી રહી છે ત્યારે શાહે આ તકને નવા દર્શકો અને પેઢીને પ્રેરણા આપવા માટે અસાધારણ ગણાવતા આઇસીસીની એક રિલિઝમાં કહ્યું હતું કે આઇસીસી પ્રમુખ તરીકે સેવા આપવી એ એક સન્માન અને મોટી જવાબદારી બંને છે. હું વિશ્વભરમાં ક્રિકેટના હિતોને આગળ વધારવા માટે સભ્ય દેશો સાથે નજીકથી કામ કરવા માટે પ્રતિબદ્ધ છું.

સચિન તેંદુલકર અને અભિનવ બિન્દ્રાએ શાહને અભિનંદન પાઠવ્યા

આઇસીસીના ચેરમેન તરીકે જય શાહની બીજી ટર્મ માટે ફરી નિમણૂક થવા બદલ ભારતીય રમતજગતના દિગ્ગજોએ તેમને અભિનંદન પાઠવ્યા છે. મહાન બેટ્સમેન સચિન તેંદુલકરે સોશિયલ મીડિયા પ્લેટફોર્મ એક્સ પર પોસ્ટ કરીને શાહની કામગીરીની પ્રશંસા કરતાં જણાવ્યું હતું કે ક્રિકેટનો વિકાસ નવી તકો ઊભી કરવા, રમતનું માળખું મજબૂત કરવા અને તેને નવા પ્રેક્ષકો સુધી લઇ જવા પર નિર્ભર છે. જય શાહે મહિલા ક્રિકેટ પર વિશેષ ધ્યાન આપીને આ પ્રાથમિકતાઓ માટે સખત મહેનત કરી છે. બીજી તરફ, ઓલિમ્પિક્સ ગોલ્ડ મેડલિસ્ટ ભારતીય શૂટર અભિનવ બિન્દ્રાએ જણાવ્યું હતું કે શાહના આ કાર્યકાળ દરમિયાન લોસ એન્જલસ 2028 ઓલિમ્પિક ગેમ્સમાં ક્રિકેટનું પુનરાગમન એક ઐતિહાસિક ઘટના બની રહેશે.

ક્રિકેટ જગતના અગ્રણીઓની પ્રતિક્રિયા

ઇંગ્લેન્ડ એન્ડ વેલ્સ ક્રિકેટ બોર્ડના અધ્યક્ષ રિચાર્ડ થોમ્પસને જણાવ્યું હતું કે આગામી વર્ષોમાં રમતની પરંપરા અને નવીનતા વચ્ચે સંતુલન જાળવવું નિણાયક રહેશે. આઇસીસીના ડેપ્યુટી ચેર અને ઝિમ્બાબ્વે ક્રિકેટના અધ્યક્ષ તાવેંગ્વા મુકુહલાનીએ તમામ સભ્યોને સાથે લઇને ચાલવાની શાહની નેતૃત્વ ક્ષમતાને બિરદાવી હતી. ન્યૂઝીલેન્ડ ક્રિકેટના ડિરેક્ટર રોજર ટ્વોસ અને આઇસીસી એસોસિયેટ મેમ્બર ચેર ગુરુમૂર્તિ પલાનીએ પણ શાહની નિમણૂકને આવકારી હતી.

ઇન્ટરનેશનલ ફૂટબોલમાંથી બેલ્જિયમના દિગ્ગજ રોમેલુ લુકાકુએ નિવૃત્તિ લીધી


ચાર વર્લ્ડકપ રમનારો રોમેલુ લુકાકુ કુલ 94 ગોલ સાથે ઇન્ટરનેશનલ ફૂટબોલમાં સૌથી વધુ ગોલ કરનાર ખેલાડીઓમાં પાંચમા ક્રમે



બ્રસેલ્સ, તા. 16 (એપી) : બેલ્જિયમ માટે ઇન્ટરનેશનલ ફૂટબોલમાં રેકોર્ડ 94 ગોલ કરનાર દિગ્ગજ ફૂટબોલર રોમેલુ લુકાકુએ સોમવારે આંતરરાષ્ટ્રીય કારકિર્દીમાંથી નિવૃત્તિની જાહેરાત કરી હતી. 33 વર્ષીય લુકાકુ પુરુષોના ઇન્ટરનેશનલ ફૂટબોલમાં સૌથી વધુ ગોલ કરનાર ખેલાડીઓની યાદીમાં પાંચમા ક્રમે છે.

લુકાકુએ સોશિયલ મીડિયા પ્લેટફોર્મ ઇન્સ્ટાગ્રામ પર એક પોસ્ટમાં પોતાના નિર્ણયની જાહેરાત કરતાં લખ્યું કે આંતરરાષ્ટ્રીય ફૂટબોલમાંથી નિવૃત્તિ લેવાના મારા નિર્ણયથી હું સંપૂર્ણપણે સંતુષ્ટ છું. આ એક અદ્ભુત સફર રહી છે. મેં તેનો ખૂબ આનંદ માણ્યો છે અને તેના માટે આભારી છું. તેણે 16 વર્ષની ઇન્ટરનેશનલ કેરિયરમાં બેલ્જિયમ માટે 135 મેચ રમી, ચાર ફિફા વર્લ્ડકપ અને ત્રણ યુરોપિયન ચેમ્પિયનશિપમાં દેશનું પ્રતિનિધિત્વ કર્યું છે. લુકાકુ ક્લબ ફૂટબોલ રમવાનું ચાલુ રાખશે. તે હાલમાં ટર્કિશ ક્લબ ફેનરબાહસે સાથે છે, ગયા ઉનાળામાં ઇટાલિયન ક્લબ નેપોલીથી તેમની સાથે જોડાયો હતો. પુરુષોના ઇન્ટરનેશનલ ફૂટબોલમાં, ફક્ત પોર્ટુગલનો ક્રિસ્ટિયાનો રોનાલ્ડો 146 ગોલ સાથે ટોચ પર છે. આર્જેન્ટિનાનો લિયોનેલ મેસી 126 ગોલ સાથે બીજા, ઇરાનનો અલી દાઈ 108 ગોલ સાથે ત્રીજા અને ભારતનો સુનિલ છેત્રી 95 ગોલ સાથે ચોથા ક્રમે છે. લુકાકુ 94 ગોલ સાથે પાંચમા ક્રમે છે.

સ્વિતોલીનાને હરાવીને મીરા એન્દ્રીવાએ WTA ફાઇનલ્સ ટાઇટલ જીત્યું



3.37 મિલિયન ડોલરની ઇનામી રકમ સાથે ખાસ ડિઝાઇન કરાયેલી મર્સિડિઝ બેન્ઝ પણ મળી

ઇન્ડિયન વેલ્સ, તા 16 (એપી) : આ વર્ષમાં પહેલું ગ્રાન્ડ સ્લેમ ટાઇટલ જીતનારી મીરા એન્ડ્રીવાએ એક પણ સેટ ગુમાવ્યા વિના એલિના સ્વિતોલીનાને હરાવીને ડબલ્યુટીએ ફાઇનલ્સ ટુર્નામેન્ટ જીતીને વર્ષનો અંત શાનદાર રીતે કર્યો હતો. 19 વર્ષીય રશિયન મીરાએ રવિવારે યુક્રેનિયન સ્વિતોલીનાને 7-5, 6-3થી હરાવી, સિઝનની અંતિમ ટુર્નામેન્ટમાં તેની પાંચેય મેચ જીતી હતી. આ પ્રદર્શન સાથે, તેણે કઝાકિસ્તાનની એલેના રિબાકીનાને પાછળ છોડીને કેરિયરની સર્વોચ્ચ વિશ્વ રેન્કિંગ પ્રાપ્ત કરી હતી. ટાઇટલ જીતવા બદલ, મીરાને 3.37 મિલિયન ડોલરની ઇનામી રકમ અને ખાસ ડિઝાઇન કરેલી અલ્ટ્રાવાયોલેટ પર્પલ મર્સિડીઝ-બેન્ઝ કન્વર્ટિબલ મળી. કારને ઇન્ડિયન વેલ્સ ટેનિસ ગાર્ડન કોર્ટ પર લાવવામાં આવી ત્યારે મીરા ખુશીથી ડ્રાઇવિંગ સીટ પર કૂદી પડી હતી. મીરા એક પણ સેટ ગુમાવ્યા વિના WTA ફાઇનલ્સ જીતનારી 11મી ખેલાડી બની. તેની પહેલા ક્રિસ એવર્ટ, માર્ટિના નવરાતિલોવા અને સેરેના વિલિયમ્સ સહિત અનેક દિગ્ગજ ખેલાડીઓએ આ સિદ્ધિ મેળવી છે.

ઇંગ્લેન્ડે સ્પેનને હરાવીને 43 મેચથી ચાલતી અજેય યાત્રા અટકાવી

10 ખેલાડીઓ સાથે રમવા છતાં ઇંગ્લેન્ડે સ્પેનને 3-2થી હરાવ્યું, હેરી કેને ઇંગ્લેન્ડ વતી 93મો ગોલ કર્યો

ફ્રાન્સે તુર્કીને હરાવીને ક્વાર્ટર ફાઇનલમાં જ્યારે બેલ્જિયમે ઇટાલીને હરાવીને આગામી રાઉન્ડમાં પ્રવેશ કર્યો



લંડન, તા. 16 (એપી) : નેશન્સ લીગ ફૂટબોલ મેચમાં ઇંગ્લેન્ડે રવિવારે વિશ્વ ચેમ્પિયન સ્પેનને 3-2થી હરાવીને સતત 43 મેચથી ચાલતી તેની વિજય યાત્રાનો અંત કર્યો હતો. આ મેચમાં હેરી કેને ગોલ કરીને ઇંગ્લેન્ડ વતી પોતાના ગોલનો આંકડો વિક્રમી 93 પર પહોંચાડ્યો હતો. વળી ઇંગ્લેન્ડ 10 ખેલાડીઓ સાથે રમી રહ્યું હોવા છતાં જીત્યું હતું.

ઇંગ્લેન્ડની ટીમ ગ્રુપ એ-3માં ટોચ પર છે અને બંને ટીમો આ મેચ પહેલા જ ક્વાર્ટર ફાઇનલ માટે ક્વોલિફાય થઈ ગઈ હતી. ડિફેન્ડર એઝરી કોન્સાએ 53મી મિનિટે હેડરથી ઇંગ્લેન્ડ માટે 2-0નો સ્કોર બનાવ્યો, જ્યારે જુડ બેલિંગહામે થોડી વાર પછી ડિફેન્ડર બેન વ્હાઇટ માટે ગોલ કર્યો, જેણે 3-0નો સ્કોર બનાવ્યો હતો.

મિડફિલ્ડર એલિયટ એન્ડરસનને લેમિન યામાલ પર ફાઉલ કરવા બદલ રેડ કાર્ડ બતાવ્યા બાદ ઇંગ્લેન્ડની ટીમ 10 ખેલાડીઓમાં સમેટાઈ ગઈ. ત્યારબાદ મિકેલ ઓયારઝાબાલે પેનલ્ટી પર ગોલ કરીને સ્પેન માટે શરૂઆત કરી. ફોરવર્ડ નિકો વિલિયમ્સે યમાલના પાસથી બીજો ગોલ કરીને મેચને રોમાંચક બનાવી દીધી હતી પરંતુ તે સ્પેનને હારથી બચાવી શક્યો ન હતો.

ગ્રુપ A1 માં, ફ્રાન્સે ઘરઆંગણે તુર્કીને 2-1 થી હરાવીને ક્વાર્ટર ફાઇનલમાં જ્યારે બેલ્જિયમે ઇટાલીને 4-1 થી હરાવીને આગામી રાઉન્ડમાં પ્રવેશ કર્યો હતો. લીગ સીમાં ઘરઆંગણે બેલારુસને 2-0થી હરાવીને અલ્બેનિયાએ તેમના ગ્રુપમાં ટોચનું સ્થાન મેળવીને લીગ બીમાં સ્થાન મેળવ્યું.

સાયપ્રસ સામે મોન્ટેનેગ્રોની 4-1થી જીતને પગલે સાયપ્રસને હવે પ્લેઓફમાં રમવું પડશે. ફિનલેન્ડે સાન મેરિનોને 7-2થી હરાવ્યું, જેમાં એડ્રિયન સ્વાનબેકે હેટ્રિક ફટકારી.

સેમ કરનના બદલામાં મહંમદ શમી LSG છોડી રાજસ્થાન સાથે જોડાઈ શકે

નવી દિલ્હી, તા. 16 (પીટીઆઇ) : અનુભવી ઝડપી બોલર મહંમદ શમી ઇન્ડિયન પ્રીમિયર લીગ (આઇપીએલ) ફ્રેન્ચાઇઝ લખનૌ સુપર જાયન્ટ્સ (એલએસજી)માંથી રાજસ્થાન રોયલ્સ તરફ જઈ શકે છે. એક અહેવાલ મુજબ, ઇંગ્લેન્ડના ઓલરાઉન્ડર સેમ કરનને લઈને બંને ફ્રેન્ચાઇઝી વચ્ચે ખેલાડીઓની અદલાબદલીનો કરાર થઈ શકે છે.

એક અહેવાલ મુજબ, જો આ સોદો પાર પડે છે, તો શમી રાજસ્થાન રોયલ્સ ટીમની બોલિંગ જવાબદારી ગયા સિઝનમાં રાજસ્થાનના સૌથી વધુ વિકેટ લેનારા ઇંગ્લેન્ડના ફાસ્ટ બોલર જોફા આર્ચર સાથે શેર કરી શકે છે. છત્રીસ વર્ષના શમીએ તાજેતરમાં ટેસ્ટ ક્રિકેટમાંથી નિવૃત્તિ લીધી છે. તેના જવાથી લખનૌ સુપર જાયન્ટ્સને તેમના બોલિંગ આક્રમણમાં નવા વિકલ્પો શોધવા પડશે.આઇપીએલ 2026 માં, શમીએ પાવરપ્લે દરમિયાન લખનૌની બોલિંગને મજબૂત બનાવી. શમીએ તે સિઝનમાં કુલ 23 વિકેટ લીધી હતી.

સૈયદ મુશ્તાક અલી ટ્રોફી રાઉન્ડ અપ

સૂર્યાની ધમાકેદાર ઇનિંગથી મુંબઈએ ગુજરાતને સરળતાથી હરાવ્યું

કોલકાતા : સૈયદ મુશ્તાક અલી ટ્રોફીની અહીં આજે સોમવારે રમાયેલી ગ્રુપ ડીની એક મેચમાં સૂર્યકુમાર યાદવની 29 બોલમાં 82 રનની તોફાની ઇનિંગને પગલે મુંબઈએ ગુજરાત પર પાંચ વિકેટથી વિજય મેળવ્યો હતો. 22 બોલમાં 42 રન કરનારા આશુતોષ શર્મા અને 21 બોલમાં 38 રન કરનારા વિશાલ જયસ્વાલની અંતિમ ઓવરોમાં આક્રમક બેટિંગને કારણે ગુજરાતે 20 ઓવરમાં 197 રન બનાવ્યા હતા. પરંતુ સૂર્યકુમારની ઇનિંગથી મુંબઈએ 15.4 ઓવરમાં 198 રનનો લક્ષ્યાંક આંબી લીધો હતો.

વિશ્વરાજ જાડેજાની ઇનિંગથી સૌરાષ્ટ્રએ હરિયાણાને છ વિકેટથી હરાવ્યું

ઇન્દોર : સૈયદ મુશ્તાક અલી ટ્રોફીની અહીં ડેલી કોલેજ ગ્રાઉન્ડ પર આજે સોમવારે રમાયેલી ગ્રુપ-બીની મેચમાં, સૌરાષ્ટ્રએ વિશ્વરાજ જાડેજાની 23 બોલમાં 46 રનની વિસ્ફોટક ઇનિંગની મદદથી હરિયાણાને છ વિકેટે હરાવ્યું હતું. હરિયાણાએ મૂકેલા 119 રનના સામાન્ય લક્ષ્યનો પીછો કરતા સૌરાષ્ટ્રે 85 રનમાં ચાર વિકેટ ગુમાવી દીધી હતી જો કે તે પછી પ્રેરક માંકડ અને રુચિત આહિરે 34 રનની ભાગીદારી કરીને સૌરાષ્ટ્રને 13.5 ઓવરમાં લક્ષ્યાંક પાર કરાવીને મેચ જીતાડી હતી.

બરોડાએ શિવાલિક શર્માની સદીની મદદથી મિઝોરમને આઠ વિકેટે હરાવ્યું

મુંબઈ : સૈયદ મુશ્તાક અલી ટી-20 ટ્રોફીની અહીં આજે સોમવારે રમાયેલી ગ્રુપ-એની એક મેચમાં શિવાલિક શર્માની ઘમાકેદાર સદીની મદદથી બરોડાએ મિઝોરમને આઠ વિકેટથી હરાવ્યું હતું. 18 બોલમાં પોતાની અર્ધસદી ફટકારનાર શિવાલિકે માત્ર 39 બોલમાં 11 છગ્ગા અને પાંચ ચોગ્ગાની મદદથી નોટઆઉટ 101 રન બનાવ્યા હતા. તેની આક્રમક બેટિંગથી બરોડાએ માત્ર 10.2 ઓવરમાં 134 રનનો લક્ષ્યાંક ફક્ત બે વિકેટ ગુમાવીને હાંસલ કરી લીધો હતો.

દાદીમાના નુસખા

મીનુ પરબીઆ - રયોમંદ પરબીઆ

અપચો, ગેસ

અજમો, જીરૂ દરેક 20 ગ્રામ અને સંચળ 10 ગ્રામ લઈ દળી ચૂર્ણ બનાવી લો. રોજ જમ્યા બાદ એક ચમચી ચૂર્ણ પાણી સાથે લો.


સુડોકુ 'કૂટિ' ૬૬૮૭

૧			૯	૬	૩	૪		૭
૮	૪	૩	૫			૨		૯
૭	૯	૬		૨	૮		૩	
૯		૪			૧	૫		૩
			૩		૨		૭	
૩		૨	૮	૫		૯	૧	૬
૪	૩			૮	૬	૭	૫	
	૧	૭	૨	૩		૬	૪	
	૬	૮		૪	૫		૯	

- અહીં એક ચોરસ આપ્યું છે. જેમાં નવ બોકસ છે.
- દરેક બોક્સમાં નવ ખાનાં છે. દરેક બોક્સમાં એકથી નવ સુધીનો અંક આવવો જોઇએ. તેમજ મોટા ચોરસની દરેક આડી અને ઊભી લાઇનમાં પણ એકથી નવ સુધીનો અંક આવવો જોઇએ. કોઇ પણ અંક રહી ન જવો જોઇએ. તેમજ એકનો એક અંક ઊભી કે આડી કોઇપણ લાઇનમાં કે બોક્સમાં બીજીવાર વપરાવો જોઇએ નહીં.
- પઝલમાં આપેલા અંકમાં કોઇ ફેરફાર કરી શકશો નહિ.

૭૬૬૪-૭૬૬૭ ક્રિએટિવ

શબ્દગુંફન - ૭૨૯૫ અરવિંદ એસ. મારૂ



આડી ચાવી

૧. દીરજવાળો અને ઉદાર સ્વભાવવાળો નાયક (૪)
૬. વહીવટદાર (૫)
૯. એકી સાથે સો વાતો ઉપર ધ્યાન આપી શકનાર (૪)
૧૩. ઠંડું (૩)
૧૫. પળ, ક્ષણ (૩)
૧૭. વિરામ લીધા વિના (૪)
૧૯. એક નજાકાત વાસણ (૩)
૨૧. દાણાદાર લોટ (૨)
૨૨. શ્વાસ (૨)
૨૪. મહેમાનગતી કરનાર (૪)
૨૬. નરદમ, નીરોગી (૨)
૨૭. બોલ - - - બોલે એક ફિલ્મ (૨)
૨૯. રાતની ચોકી માટે ફરવું તે (૨)
૩૦. રોજની આવક (૨)
૩૧. ચોખાની એક જાત (૪)
૩૩. ક્રોધ, નાશકારક આફત (૨)
૩૪. મધમાખીએ એકઠો કરેલો રસ (૨)

ઉભી ચાવી

૧. દીરાયણું (૩)
૨. રાક્ષસ, અસુર (૩)
૩. શાંતિ, ક્ષમા (૨)
૪. ફતેહ, વિજય (૨)
૫. માથું, મસ્તક, શિર્ષ (૨)
૬. ગૌરવયુક્ત, અભિમાની (૨)
૭. પેલ (૨)
૮. ઇજ્જત, નોતરું (૩)
૧૦. હુકમનો અમલ (૩)
૧૧. ઉતાવળમાં થયેલી ભૂલ (૨)
૧૨. ભાગ્ય, ભવિષ્યનું (૨)
૧૩. ઠંડું, ઠંડી, ટાઢ (૨)
૧૪. ઓરતો, સુખાનુભવ (૩)
૧૫. ગમતું, ચૂંટી કાઢેલું (૩)
૧૬. પ્યાલી (૨)
૧૭. ભમરો (૨)
૧૮. આનંદ, વિનોદ (૩)
૨૦. આર્ય, નમૂનો (૨)
૨૧. ક્રિકેટની રમતમાં દોડીને લેવાય (૨)
૨૩. ચિંતન (૩)
૨૪. બુદ્ધિ, ચાદશક્તિ (૨)
૨૫. પખવાડિયાની બારમી તિથી (૩)
૨૭. ખુશ, પ્રસન્ન (૨)
૨૮. ચણોઠી જેટલું કદ કે વજન (૨)
૨૯. રડવું તે (૨)
૩૦. છોડ (૨)
૩૧. અડચણ (૨)
૩૨. એક નહીં (૨)

૮૨૮૭ - ૭૬૬૫ ક્રિએટિવ

રોનાલ્ડિન્હોએ ઇટાલીની ત્રીજા ડિવિઝનની ક્લબ રાવેના વતી રમીને જીત અપાવી

નિવૃત્તિના એક દાયકા બાદ 46 વર્ષની વયે મેદાનમાં વાપસી કરી રોનાલ્ડિન્હો પ્રથમ હાફ સુધી રમ્યો



રાવેના (ઇટાલી), તા. 16 : નિવૃત્તિ લીધાના એક દાયકા કરતાં વધુ સમય બાદ બ્રાઝિલના મહાન ફૂટબોલર રોનાલ્ડિન્હોએ રવિવારે ઇટાલીની ત્રીજા ડિવિઝનની ક્લબ રાવેના તરફથી રમીને ક્લબ ફૂટબોલમાં શાનદાર વાપસી કરી હતી. 46 વર્ષીય રોનાલ્ડિન્હોનું સ્ટેડિયો બ્રુનો બેનેલી ખાતે ફોરલી સામેની સ્થાનિક ડર્બી મેચમાં ઉષ્માભર્યું સ્વાગત કરવામાં આવ્યું હતું, જેમાં તેમની ટીમે 2-0 થી વિજય મેળવ્યો હતો.

પ્રથમ હાફમાં રાઇટ બેક ગિલિયો ડોનાટીએ કરેલા ગોલની રચનામાં રોનાલ્ડિન્હોની મહત્વપૂર્ણ ભૂમિકા રહી હતી અને તેમણે સાથી ખેલાડીઓ સાથે ઉત્સાહપૂર્વક ઉજવણી કરી હતી. 10 નંબરની જર્સી પહેરીને ઉતરેલા રોનાલ્ડિન્હોની ગતિમાં ઉંમરની અસર દેખાતી હતી, પરંતુ તેમના સચોટ પાસ અને ક્રોસમાં જૂનો જાદુ અકબંધ હતો. જૂન મહિનામાં સેરી સી ક્લબ સાથે જોડાયેલા રોનાલ્ડિન્હો 2015 માં ફ્લુમિનેન્સ તરફથી રમ્યા બાદ પ્રથમ વખત ક્લબ મેચમાં ઉતર્યા હતા. હાફટાઇમ સમયે 1-0 ની સરસાઈ બાદ તેમને બદલવામાં આવ્યા હતા. ઈગ્નાઝિયો સિપ્રિયાની દ્વારા સંચાલિત રાવેના ક્લબ સેરી સી ના પોતાના ગ્રુપમાંથી પ્રમોશન મેળવવા પ્રયત્નશીલ છે.

SAFF ચેમ્પિયનશિપમાં આજે પાકિસ્તાન સામે ભારતની ફાઇનલ

સતત ત્રીજીવાર ટાઇટલ જીતવા સાથે કુલ 10મું ટાઇટલ કબજે કરવા પર ભારતની નજર

ઢાકા, તા. 16 (પીટીઆઇ) : ડિફેન્ડિંગ ચેમ્પિયન ભારત આવતીકાલે મંગળવારે અહીં રમાનારી ફાઇનલમાં પાકિસ્તાનના પડકારનો સામનો કરીને સાઉથ એશિયન ફૂટબોલ ફેડરેશન (સાફ) ચેમ્પિયનશિપમાં કુલ 10મી વખત અને સતત ત્રીજી વખત ચેમ્પિયન બનવા માટે મેદાને ઉતરશે. શરૂઆતની ગ્રુપ સ્ટેજ મેચમાં ભારત સામેની હાર બાદ પાકિસ્તાન શાનદાર ફોર્મમાં છે અને પહેલી વાર ટૂર્નામેન્ટની ફાઇનલમાં પહોંચ્યું છે. ભારતે ગ્રુપ સ્ટેજની મુશ્કેલ મેચમાં પાકિસ્તાનને 3-2થી હરાવ્યું હતું. આ સ્પર્ધામાં સૌથી વધુ નવ ટાઇટલ જીતવાનો રેકોર્ડ ભારતીય ફૂટબોલ ટીમના નામે છે. ભારતે 1993, 1997, 1999, 2005, 2009, 2011, 2015, 2021 અને 2023માં ટાઇટલ જીત્યું હતું.

આજનું પંચાંગ

તા. 17/11/2026, મંગળવાર

વિક્રમ સંવત : 2083 **શાકે :** 1948
વીર સંવત : 2553 **માસ :** કારતક
તિથિ: સુદ: આઠમ: 30:06- દુર્ગાષ્ટમી
અયન : દક્ષિણાયન **ઋતુ :** હેમંત
રાષ્ટ્રિય દિનાંક : કારતક-26 **યોગ :** વૃદ્ધિ
કરણ: વિષ્ટિ **નક્ષત્ર :** ધનિષ્ઠા: 28:35
રાશિ: મકર (ખ,જ) 15:31 પછી કુંભ (ગ,સ,શ,ષ)
દિવસ : અશુભ-ગોપાષ્ટમી- લાલા લજપતરાય પુ.તિથી
સુરતમાં સૂર્યોદય : 06:52 **સુરતમાં સૂર્યાસ્ત :** 17:56
નવકારસી : 07:40
પારસી વર્ષ : 1396 તીર માસનો 05 મો રોજ
મુસલમાન વર્ષ :1448 જમાદીલ આખર માસનો 07મો રોજ
દિવસનાં ચોઘડિયાં: રોગ, ઉદ્વેગ, ચલ, લાભ, અમૃત, કાળ, શુભ, રોગ,
રાત્રિનાં ચોઘડિયાં: કાળ, લાભ, ઉદ્વેગ, શુભ, અમૃત, ચલ, રોગ, કાળ
રાહુ કાળ : સાંજે: 15:00 થી 16:30 સુધી

આપની આજ

જ્યોતિષાચાર્ય હંસરાજ

મેષ (અ,લ,ઇ,): વેપાર-ધંધા માટે નવી યોજના બને. સરકારી નોકરીમાં પ્રગતિ થાય. જાહેર જીવનમાં યસ મળે.

વૃષભ (બ,વ,ઉ,): કાયદા કાનૂન અને ઉચ્ચ શિક્ષણ તથા વિદેશને લગતા કામમાં પ્રગતિ કે મદદથી હકારાત્મક પરિણામ મળે.

મિથુન (ક,છ,ઘ,): પડવા-વાગવાથી સાવધાન વિવાદ ટાળવો. વડીલો સાથે ઘર્ષણ થાય. સરકારી કામમાં વિઘ્નો આવે.

કર્ક (ડ,હ,): રોજના કામમાં અનુકૂળતા રહે. આવક વધે. કુટુંબમાં સામાજિક પ્રસંગનું આયોજન થાય. ઉત્સાહ વધે.

સિંહ (મ,ટ,): હરીફોની હેરાનગતિ વધશે. વિવાદથી કામમાં પ્રગતિ.

ધન (ભ,ધ,ફ,ઢ,): વાણી પર કાબૂ રાખવો. આર્થિક વ્યવહારમાં સાવધાની રાખવી. ઘરમાં ઉકળાટ જેવું વાતાવરણ રહે.

મકર (ખ,જ,): વિવાદથી બચવું. પડવા-વાગવાથી સાવધાન. પ્રવાસમાં ધીરજ રાખવી. નોકરીમાં ભૂલથી બચવું.

કુંભ (ગ,સ,શ,ષ,): ગુસ્સા પર કાબૂ રાખવો. પ્રવાસમાં મુશ્કેલી આવી શકે છે. કોઇની વાતોમાં આવવું નહી. ખર્ચા વધશે.

મીન (દ,ચ,ઝ,થ,): ઉચ્ચ કક્ષાના મિત્રોનો સાથ મળે. ટેકનોલોજીનું જ્ઞાન વધે. પ્રેમમાં ગેરસમજ થાય. આવક વધશે. શિક્ષણ ટેકનોલોજીને લગતાં કામમાં પ્રગતિ.

કોઇ પણ સાલમાં 17 નવેમ્બરે જન્મેલાનું વર્ષ ફળ

આજથી શરૂ થતું આપનું નવું વર્ષ સંઘર્ષમય પસાર થશે. નોકરીમાં નવા ફેરફાર, સ્થાનફેર, જવાબદારી વગેરેથી બોજ વધે. માનસિક, શારીરિક થાક વધશે. ધંધા-વેપારમાં હરીફો વધશે. સમાજમાં સામાન્ય રહે. પરિવારની અપેક્ષાઓ કાર્યબોજ વધારશે. મિત્રો-વડીલોની મદદ સામાજિક, વારસા, જાયદાદ, જમીન જેવા કામમાં મળે. નવા ઘર, વાહન, મકાનની યોજના મધ્યવર્ષમાં પાર પડે. સરકારી કામ, કોર્ટ, કચેરીમાં વિઘ્નો સતાવશે. યાત્રા-પ્રવાસમાં છેતરાઇ જવાથી બચવું. ઉમરલાયકના વિવાહના ખર્ચા સતાવે. વિદેશના કામ ધીમા પડશે. વિદ્યાર્થીઓની મહેનત વધશે. પ્રેમમાં અશાંતિ વધે. સ્ત્રી વર્ગથી જવાબદારી વધે. આરોગ્યનો સાથ મળે. આવક વધારવાની યોજનામાં ચડતી-પડતી રહે. ઉઘરાણી અટકશે. યાત્રા-પ્રવાસ, ધર્મ-કર્મ થાય. ડિસેમ્બર, જાન્યુઆરી- ફેબ્રુઆરીમાં શુક્ર શનિવારે, 08, 17,25 તારીખે નવા કામ કરવાં. કાળા-નીલા રંગનો ઉપયોગ વધારવો. માર્ચ-એપ્રિલમાં બુધવારે 07, 16, 25 તારીખે નવાં કામ ટાળવાં. સોનેરી અને લીલા રંગનો ઉપયોગ ટાળવો. શનિવારના ઉપાય કરતા રહેવું.

૨૦૨૬ - ૭૬૬૫ ક્રિએટિવ



ઋણ વસૂલી અધિકરણ-II

(નાણાં મંત્રાલય, ભારત સરકાર)
ત્રીજો માળ, ભીખુભાઇ ચેમ્બર્સ, ૧૮ ગાંધી કુંજ સોસાયટી, દિપક પેટ્રોલ પંપ સામે, એલિસબ્રીજ, અમદાવાદ-૩૮૦૦૦૬.

આઉટવર્ડ નં.૨૫૬૩/૨૦૨૬

ઓ.એ. ૬૫૬/૨૦૨૪ **પેપર પબ્લીકેશન દ્વારા નોટીસ** ઇએકસબી નં.એ/૦૯

પંજાબ નેશનલ બેંક ..... અરજી કરનાર

વિરૂદ્ધ

મોનીકા ગુલાબ સીંગ અને અન્યો ..... પ્રતિવાદી

પ્રતિ,

(૧) મોનીકા ગુલાબ સીંગ. રહેવાંક –બી–૨૦૨, સજાવટ કો.ઓ હાઉસીંગ સોસાયટી, ચાનોદ, વાપી, ગુજરાત–૩૯૬૧૯૫ તે પ્રમાણે :ફલેટ નં. ૨૦૫, ૨જો માળ, બિલ્ડીંગ નં.બી જનતા એપાર્ટમેન્ટ–૨, કબ્રીસ્તાન રોડ, વાપી, ગુજરાત–૩૯૬૧૯૧

(૨) શાંતિ ગુલાબ સીંગ. રહેવાંક –બી–૨૦૨, સજાવટ કો.ઓ હાઉસીંગ સોસાયટી, ચાનોદ, વાપી, ગુજરાત–૩૯૬૧૯૫ તે પ્રમાણે :ફલેટ નં. ૨૦૫, ૨જો માળ, બિલ્ડીંગ નં.બી જનતા એપાર્ટમેન્ટ–૨, કબ્રીસ્તાન રોડ, વાપી, ગુજરાત–૩૯૬૧૯૧

(૩) સર્વેશકુમાર ઉદયભાન સીંગ. રહેવાંક –ઈ–૧૦૧, ૧લો માળ, શિવશક્તિ સાંઈ નગર રેસીડેન્સી, ચાનોદ, વાપી, ગુજરાત–૩૯૬૧૯૫.

આથી ઉપરના નામવાળા અરજદારે ઉપર જણાવેલ અરજી ટ્રીબ્યુનલમાં ફાઇલ કરેલ છે.

૧. આથી, સમન્સ / નોટીસની બજવણી સામાન્ય પદ્ધતિથી થઇ શકેલ નથી અને તેથી અરજદારને બજવણીની અવેજી પદ્ધતિ માટે આ ટ્રિબ્યુનલે અનુમતિ આપેલ છે.

૨. મુળ અરજી હેઠળ વચગાળાની રાહતને પ્રતિવાદીઓ સામે અરજદાર બેંકની તરફેણમાં કેમ મંજુરી ન આપવી જોઇએ તે માટે પ્રતિવાદીને કારણ બતાવવા નિર્દેશ આપવામાં આવે છે.

૩. આપને આ ટ્રિબ્યુનલ સમક્ષ રૂબરૂમાં અથવા વકીલ મારફત તા.૨૩/૧૨/૨૦૨૬ ના રોજ સવારે ૧૦.૩૦ કલાકે હાજર રહેવા / લેખિત સ્ટેટમેન્ટ રજુ કરવા અને વિનંતી કરેલ રાહતો કેમ ગ્રાહ્યા ન કરવી તેના કારણો આપવા નિર્દિષ્ટ કરવામાં આવે છે